વર્ગ-૩ના કરાર આધારે ફીક્સ પગારના કર્મચારીઓની પ્રવરતા નક્કી કરવા તથા પ્રવરતા યાદી પ્રસિધ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહિવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: સીએનઆર/૧૦૨૦૧૭/૨૫૪૫૦૨/ગ.૫
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૦૮/૨૦૧૯.

વંચાણે લીધો:- સા.વ.વિ.નો તા.૨૦/૦૧/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:સીએનઆર/ ૧૦૨૦૧૭/૨૫૪૫૦૨/ગ-૫

**ઠરાવ** :-

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી પાંચ વર્ષના કરાર આધારે અને ફિક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓની પ્રવરતા નક્કી કરવાની સૂચનાઓ વંચાણે લીધેલ તા.૨૦/૦૧/૨૦૧૮ના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ સૂચનાઓ **સને ૨૦૧૨ અથવા તે પહેલાની** બેચમાં નિમણૂંક પામેલ કર્મચારીઓને લાગુ પડતી હતી. આ સંદર્ભમાં તા.૨૦/૦૧/૨૦૧૮ના ઠરાવના છેલ્લા ફકરામાં નીચે મૂજબની સૂચનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

"નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ની ફીક્સ પગારની નીતિ અન્વયે અને સને ૨૦૧૨ અથવા તે પહેલાની બેચમાં નિમણૂંક મેળવેલ હોય અને જેઓનો કરારીય સમયગાળો પુર્ણ થયો હોય / થવાનો હોય તેવા કર્મચારીઓની પ્રવરતા ઉક્ત સિધ્ધાંત મુજબ નક્કી કરવાની રહેશે."

**સને ૨૦૧૨ પછીના** વર્ષમાં નિમણૂંક પામેલ કર્મચારીઓની પ્રવરતા ગોઠવવા માટે તા.૨૦/૦૧/૨૦૧૮ના ઠરાવના છેલ્લા ફકરાની સૂચના રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ સંદર્ભમાં કાળજી પૂર્વકની વિચારણાને અંતે સામાન્ય વહિવટ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૮ના ઠરાવમાં ઉપર દર્શાવ્યા મૂજબની છેલ્લા ફકરાની સૂચનાઓ આથી રદ કરવામાં આવે છે.

આ સિવાય તા.૨૦/૦૧/૨૦૧૮ના ઠરાવની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૩/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.એચ.મનસૂરી)
નાયબ સચિવ(ક.ગ. ૨)
સામાન્ય વહિવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તાકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો
    - ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.
- વેબ માસ્ટર,
    - સરકારની વેબસાઇટ .બુકમાં મુકવાની વિનંતી સાથે.આર.જી /
- વિભાગના તમામ અધિકારીઓ.શાખાઓ/
- પસંદગી ફાઇલ ગ.પ-શાખા

---

- પત્ર દ્વારા